# <u>જાહેર નોટીસ</u>

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, દાહોદ જીલ્લાના હેડકવાર્ટર તેમજ દરેક તાલુકા કોર્ટમા આવેલ તાલુકા કાનુની સેવા સમિતી, ઝાલોદ,સંજેલી,ફતેપુરા,ગરબાડા,લીમખેડા,ધાનપુર, દેવગઢ બારીયા મુકામે લીગલ એઈડ કલીનીક કાર્યરત હોય જેમા કાનુની સલાહ તથા સુચનો પુરા પાડવા તથા જાગૃતિ કાર્યક્રમો કરવા તેમજ પક્ષકારોને સલાહ તથા યોગ્ય સુચનો પુરા પાડવા પેરા લીગલ વોલીયન્ટર્સ( કાનુની સહાયક સ્વંયમસેવક ) ની નિયુકતી કરવા માટે પેરા લીગલ વોલીયન્ટર્સ ( કાનુની સહાયક સ્વંયમસેવક ) તરીકે રસ ધરાવતા મહિલા અને પુરુષ નીચે મુજબના સરનામે તા. ૧૩/૧૦/૨૦૨૫ સુધીમાં પોતાના સ્થાનિક તાલુકા કોર્ટમા, તાલુકા કાનુની સેવા સમિતી જેમ કે દાહોદ,ઝાલોદ,સંજેલી, ફેતેપુરા,ગરબાડા,લીમખેડા,ધાનપુર,દેવગઢ બારીયા ખાતે નીચે આપેલ લીન્ક ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરી ફોર્મ ભરી આધાર પુરાવા રજુ કરી બંધ કવરમા જમા કરાવવા વિનંતી છે.

Link : https://dahod.dcourts.gov.in/notice-category/recruitments/

વધુમાં જણાવવાનું કે સદર હોદ્દા માટે તમોને કોઈ પગાર,વળતર કે મહેનતાણુ ચુકવવામાં આવશે નહી પરંતુ તમારી કામગીરી મુજબ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,દાહોદ તરફથી વખતો વખત નકકી થયેલ માનદવેતન ચુકવવામાં આવશે.

**<u>અરજી કરવા માટેનું સંપર્ક સ્થળ</u>** :– તાલુકા કાનુની સેવા સમિતી, તાલુકા કોર્ટ, ઝાલોદ,સંજેલી,ફેતેપુરા, ગરબાડા,લીમખેડા,ધાનપુર,દેવગઢ બારીયા.

:– દાહોદ તાલુકાના રહેવાસીએ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા અદાલત,છાપરી, દાહોદ

**<u>પેરા–લીગલ વોલીયન્ટર્સ આ પ્રમાણેના હોઈ શકે–</u>**

– કોમ્યુનીટી વર્કર્સ
– શિક્ષકો
– વિદ્યાર્થીઓ
– આંગણવાડી કાર્યકરો
– તબીબો
– બિનસરકારી સંસ્થાઓ અને અન્ય સ્વયં સહાય કરતા સમૂહો.

ચેરમેન,
જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,
દાહોદ.